| PUBLICATION NAME : | Divya Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/11/23 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈ એ ''વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી'' સંદર્ભે ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યા



EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા)એ ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે ''વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ એમઓયુ ગુજરાત સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી રૂષિકેશ પટેલ; ગુજરાત સરકારનાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર; ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પરિમલ પંડ્યા તથા ઈડીઆઈઆઈનાં ડિરેકટર જનરલ ડૉ. સુનિલ શુકલાની હાજરીમાં કરવામાં આવ્યા હતા. આ પોલિસી વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડશે તથા તેમને ભવિષ્યના સાહસિકો બનવા માટે વધુ પ્રોત્સાહિત કરશે. રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે ''વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી અમલમાં મુકવામાં આવેલ છે.